**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=====================================================

**ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ સમક્ષ**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૫૯૦/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૫૯૧/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૫૯૨/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૫૯૩/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૫૯૪/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૫૯૫/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૬૦૫/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૬૪૧/૨૦૧૮**

**સાથે**

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૭૨૯/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૭૪૫/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૭૪૭/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૯૦૨/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૯૨૫/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૯૭૪/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૯૯૭/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૮૯૯૮/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૦૪૦/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૦૪૫/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૦૪૬/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૦૫૭/૨૦૧૮

સાથે

આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૦૬૦/૨૦૧૮

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૦૭૫/૨૦૧૮**

**સાથે**

**આર/સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં. ૯૩૪૬/૨૦૧૮**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય મુખ્ય ન્યાયમૂર્તી આર. સુભાષ રેડ્ડી**

અને

**માનનીય ન્યાયમૂર્તી વિપુલ એમ. પંચોલી**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | હા |
| ૨ | રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઇ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઇ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે? | હા |

==========================================================

તક્ષ વિજયભાઇ હદવાણી

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય

==========================================================

**<u>સ્પેશયલ સિવિલ એપ્લીકેશન્સમાં ઉપસ્થિતિ :–</u>**

સંબંધિત યાચિકાઓમાં યાચિકાકર્તાઓ વતી શ્રી શાલિન મહેતા, સિનિયર એડવોકેટ, શ્રી પી.પી. મજમુદાર, શ્રી ડી.સી. સેજપાલ, શ્રી રાહુલ શર્મા, શ્રી ભવદત્ત ભટ્ટ, શ્રી વાય.એચ. મોતીરામાણી, સુશ્રી નિધિ બારોટ, શ્રી રવિ કર્ણાવત, શ્રી પી.જે. મહેતા, શ્રી જીગર દવે, સુશ્રી કે.જે. બ્રહ્મભટ્ટ, સુશ્રી વર્ષા બ્રહ્મભટ્ટ અને સુશ્રી પૂજા ભારદ્વાજ

સામાવાળા–રાજ્ય વતી શ્રી કમલ ત્રિવેદી, એડવોકેટ જનરલ સાથે સુશ્રી સંગિતા વિશેન, એ.જી.પી.

સામાવાળા–પક્ષકારો વતી શ્રી એસ.એન. શેલત, સિનિયર એડવોકેટ, શ્રી ડી.સી. દવે, સિનિયર એડવોકેટ, શ્રી અંશિન દેસાઈ, સિનિયર એડવોકેટ, શ્રી અમિત ઠક્કર, શ્રી હેમાંગ પરીખ, શ્રી રસેશ પરીખ

સામાવાળા–એડમિશન કમિટી વતી શ્રી કે.એમ. અંતાણી, એ.જી.પી.

===================================================

કોરમ: **માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ વિપુલ આર. પંચોલી**

**તારીખ: ૨૫/૦૬/૨૦૧૮**

**મૌખિક ચુકાદો**

**(માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડી દ્વારા)**

[૧] ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરાયેલી અરજીઓના આ સમૂહમાં, અરજદારો વિદ્યાર્થીઓ કે જેમણે તેમનું ૧૨મું ધોરણ પૂર્ણ કર્યું છે અને મેડિકલ કોર્સીસના પ્રવાહમાં પ્રવેશ મેળવવા માંગે છે, તેમણે ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિક્સેશન ઓફ ફીસ) એક્ટ, ૨૦૦૭ ની કલમ ૨૦ હેઠળની સત્તાના ઉપયોગથી ઘડવામાં આવેલા ધી ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ (રેગ્યુલેશન ઓફ એડમિશન ઈન અંડરગ્રેજ્યુએટ કોર્સીસ)

રૂલ્સ, ૨૦૧૭ (ટૂંકમાં 'સદર રૂલ્સ ૨૦૧૭') હેઠળ ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસમાં પ્રવેશ માટે અધિસૂચિત પાત્રતાના માપદંડોને પડકાર્યા છે.

[૨] પ્રાથમિક રીતે, આ પડકાર ઉપર જણાવેલ સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૩) (૨) અને રૂલ ૪(૧–એ) સામે છે. જોકે અરજીઓમાં હકીકતલક્ષી પાસાઓમાં થોડી ભિન્નતા છે, તેમ છતાં, તમામ અરજીઓમાં પડકાર માત્ર ઉપર જણાવેલ સદર રૂલ્સ સામે જ હોવાથી, આથી, તેઓની સુનાવણી એકસાથે કરવામાં આવી રહી છે અને આ સામાન્ય ચુકાદા દ્ધારા તેનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

[૩] જે રૂલ્સ અમલમાં છે તે વર્ષ ૨૦૧૭ ના છે. તારીખ ૦૪.૦૫.૨૦૧૮ ના જાહેરનામા દ્ધારા, સદર રૂલ્સમાં સુધારા મારફતે રૂલ ૪(૧–એ) ઉમેરવામાં આવ્યો છે. સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૫ મુજબ, પ્રવેશ માટેની કુલ બેઠકોમાંથી ૧૫% ઓલ ઈન્ડિયા ક્વોટાના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવી છે અને પ્રવેશ માટેની બાકીની ૮૫% બેઠકો વિવિધ કેટેગરીઝ હેઠળ ગુજરાત મૂળના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવી છે.

[૪] શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે લાગુ કરવામાં આવેલા ૨૦૧૭ ના રૂલ્સ પહેલાં, સમાન પ્રકારના રૂલ્સ, ૨૦૧૬ અમલમાં હતા. રૂલ્સ, ૨૦૧૬ માં પાત્રતા માપદંડ જે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે લાગુ પડતા હતા તે નીચે મુજબ હતા :–

"૪. સરકારી બેઠકો અને મેનેજમેન્ટ બેઠકોના કિસ્સામાં પ્રવેશ માટેની પાત્રતા :– સરકારી અને મેનેજમેન્ટ બેઠકો પર પ્રવેશ મેળવવાની ઈચ્છા ધરાવતા ઉમેદવાર :–

(૧) ભારતના નાગરિક હોવા જોઈએ: પરંતુ શરત એ છે કે જે ઉમેદવારના માતાપિતા ભારતીય મૂળના હોય અને ભારતીય નાગરિકત્વ ધરાવતા ન હોય અને ભારતીય નાગરિકત્વ માટે અરજી કરી હોય, તેમણે કાઉન્સેલિંગની તારીખ પહેલાં એડમિશન કમિટી સમક્ષ આવી અરજી સબમિટ કર્યાનો પુરાવો રજૂ કરવો જરૂરી રહેશે. આવા ઉમેદવારને આગામી વર્ષની ૩૧મી જુલાઈના રોજ અથવા તે પહેલાં ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાની શરતે કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવશે, જેમાં નિષ્ફળ જતાં કોઈપણ નોટિસ વિના તેમનો કામચલાઉ પ્રવેશ રદબાતલ ગણવામાં આવશે.

(૨) જે શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ લેવામાં આવી રહ્યો છે તે વર્ષની ૩૧મી ડિસેમ્બરના રોજ ૧૭ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોવી જોઈએ.

(૩) લાયકાતની પરીક્ષા "બી ગ્રુપ" અથવા "એબી ગ્રુપ" સાથે નીચે મુજબથી પાસ કરેલી હોવી જોઈએ –

(૧) ગુજરાત બોર્ડ; અથવા

(૨) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય; અથવા

(૩) કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બોર્ડ, નવી દિલ્હી શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય.

(૪) એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ. કોર્સીસની મેનેજમેન્ટ બેઠકોના કિસ્સામાં વર્તમાન શૈક્ષણિક વર્ષમાં લેવાયેલી નીટ માં લાયકાત મેળવેલી હોવી જોઈએ અને એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ. કોર્સની મેનેજમેન્ટ બેઠકો સિવાયના તમામ કોર્સીસમાં સરકારી અને મેનેજમેન્ટ બેઠકો પર પ્રવેશ માટે વર્તમાન શૈક્ષણિક વર્ષમાં લેવાયેલ ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં લાયકાત મેળવેલી હોવી જોઈએ.

ઉપરોક્ત સદર રૂલ્સ પરથી એ સ્પષ્ટ થાય છે કે ઉમેદવારોએ ગુજરાત બોર્ડ, અથવા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનમાંથી શરત એ છે કે ઉમેદવારે જે શાળાઓમાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય; અથવા કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ બોર્ડ, નવી દિલ્હીમાંથી શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય, તેમાંથી બી ગ્રુપ અથવા એબી ગ્રુપ સાથે લાયકાતની પરીક્ષા પાસ કરી હોવી જોઈએ.

[૫] ઉપરોક્ત સદર રૂલ્સને રદ કરીને, વર્ષ ૨૦૧૭ માં નવા રૂલ્સ ઘડવામાં આવ્યા હતા, જે ૨૩.૦૬.૨૦૧૭ ના રોજ અધિસૂચિત કરવામાં આવ્યા હતા. સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪ હેઠળ પાત્રતાનો માપદંડ નીચે મુજબ છે :–

"૪. પ્રવેશ માટેની પાત્રતા: પ્રવેશ મેળવવાની ઈચ્છા ધરાવતા ઉમેદવાર :–

(૧) ભારતના નાગરિક હોવા જોઈએ: પરંતુ શરત એ છે કે જે ઉમેદવારના માતાપિતા ભારતીય મૂળના હોય અને ભારતીય નાગરિકત્વ ધરાવતા ન

હોય અને ભારતીય નાગરિકત્વ માટે અરજી કરી હોય, તેમણે કાઉન્સેલિંગની તારીખ પહેલાં એડમિશન કમિટી સમક્ષ આવી અરજી સબમિટ કર્યાનો પુરાવો રજૂ કરવો રહેશે. આવા ઉમેદવારને આગામી વર્ષની ૩૧મી જુલાઈના રોજ અથવા તે પહેલાં ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાની શરતે કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવશે, જેમાં નિષ્ફળ જતાં કોઈપણ નોટિસ વિના તેમનો કામચલાઉ પ્રવેશ રદબાતલ ગણવામાં આવશે વધુમાં શરત એ છે કે નોન રેસિડેન્ટ ઈન્ડિયન બેઠક પર પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારો નોન રેસિડેન્ટ ઈન્ડિયન અથવા નોન રેસિડેન્ટ ઈન્ડિયનના બાળકો અથવા વાલીપણા હેઠળ હોવા જોઈએ..

(૨) જે શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ લેવામાં આવી રહ્યો છે તે વર્ષની ૩૧મી ડિસેમ્બરના રોજ ૧૭ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોવી જોઈએ.

(૩) ૧૦મું અને ૧૨મું લાયકાતની પરીક્ષા "બી ગ્રુપ" અથવા "એબી ગ્રુપ" સાથે નીચે મુજબથી પાસ કરેલી હોવી જોઈએ –

(૧) ગુજરાત બોર્ડ; અથવા

(૨) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય; અથવા

(૩) કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બોર્ડ, નવી દિલ્હી શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય. શરત એ છે કે નોન રેસિડેન્ટ ઇન્ડિયન બેઠક પર પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન સાથે કોઈપણ જગ્યાએથી લાયકાતની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ..

(૪) એમ.બી.બી.એસ., બી.ડી.એસ., બી.એ.એમ.એસ., બી.એચ.એમ.એસ., બી.એન.એ.ટી. ના કિસ્સામાં વર્તમાન શૈક્ષણિક વર્ષમાં લેવાયેલી નીટ માં લાયકાત મેળવેલી હોવી જોઈએ;

(૫) પ્રવેશ માટે લઘુત્તમ લાયકાતનું ધોરણ: કોઈપણ ઉમેદવારને પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસમાં પ્રવેશ આપવામાં આવશે નહીં જ્યાં સુધી તે નીચે મુજબ લઘુત્તમ લાયકાતની ટકાવારી / પર્સેન્ટાઇલ સહિત પાત્રતાના માપદંડોને પૂર્ણ ન કરે :

(એ) એમ.બી.બી.એસ., બી.ડી.એસ., બી.એ.એમ.એસ., બી.એચ.એમ.એસ., બી.એન.એ.ટી. કોર્સીસ માટે લઘુત્તમ લાયકાતનું ધોરણ: વર્તમાન શૈક્ષણિક વર્ષની એચ.એસ.સી. પરીક્ષા અને નીટ માં પાત્રતા માપદંડ.

[૫.૧] ૮૫% ક્વોટા માટે પાત્ર બનવા માટે, સદર રૂલ મુજબ, ઉમેદવારોએ ૧૦મું અને ૧૨મું ધોરણ લાયકાતની પરીક્ષા "બી ગ્રુપ" અથવા "એબી ગ્રુપ" સાથે ગુજરાત બોર્ડમાંથી, અથવા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનમાંથી અથવા કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ બોર્ડ, નવી દિલ્હીમાંથી પાસ કરેલી હોવી જોઈએ શરત એ છે કે ઉમેદવારે જે શાળાઓમાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય.

[૫.૨] ગુજરાત બોર્ડ અથવા ગુજરાત રાજ્યમાં આવેલી શાળા ધરાવતા અન્ય કોઈ બોર્ડમાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા સદર રૂલ્સ, ૨૦૧૭ માં રજૂ કરવામાં આવી છે. સદર રૂલ્સ કે જે અમલમાં છે અને જે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ ના પ્રવેશ માટે લાગુ પડે છે, તેમાં તારીખ ૦૪.૦૫.૨૦૧૮ ના

જાહેરનામા દ્વારા સુધારો કરવામાં આવ્યો છે. સદર સુધારાના આધારે, રૂલ ૪ ના પેટા–રૂલ ૧ પછી, (૧–એ) ઉમેરવામાં આવ્યો છે. સદર રૂલ ૪(૧–એ) મુજબ, ઉમેદવાર ગુજરાત રાજ્યનું ડોમિસાઈલ હોવો જોઈએ. રૂલ ૪ ના પેટા રૂલ ૫ ને પણ અવેજ કરવામાં આવ્યો છે. તારીખ ૦૪.૦૫.૨૦૧૮ ના રોજ અધિસૂચિત સુધારાની હદ સુધી રૂલ ૪ માં થયેલો સુધારો નીચે મુજબ વંચાય છે :–

"૩. સદર રૂલ્સમાં, રૂલ ૪ માં–

(૧) પેટા–રૂલ (૧) માં, "ભારતના નાગરિક હોવા જોઈએ" શબ્દોના સ્થાને "ભારતના નાગરિક અથવા ભારતના ઓવરસીઝ નાગરિક હોવા જોઈએ" શબ્દો અવેજ કરવામાં આવશે.

(૨) પેટા–રૂલ (૧) પછી, નીચેનો પેટા–રૂલ ઉમેરવામાં આવશે એટલે કે:–

"(૧–એ) ગુજરાત રાજ્યનું ડોમિસાઈલ હોવા જોઈએ"

(૩) પેટા–રૂલ (૩) માં, ખંડ (૩) પછી અને તેની હેઠળની શરત પહેલાં નીચેના ખંડો ઉમેરવામાં આવશે એટલે કે:–

"(૪) ધ ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ઈન્ટરનેશનલ બેકલોરેટ અને કેમ્બ્રિજ) શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય; અથવા

(૫) ધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ શરત એ છે કે ઉમેદવારે જે શાળામાં અભ્યાસ કર્યો છે તે ગુજરાત રાજ્યમાં આવેલી હોય".

(૪) પેટા–રૂલ (૫) માટે, નીચે મુજબ અવેજ કરવામાં આવશે, એટલે કે:–

"(૫) પ્રવેશ માટે લઘુત્તમ લાયકાતનું ધોરણ : કોઈપણ ઉમેદવારને સરકારી બેઠકો, મેનેજમેન્ટ બેઠકો અને એન.આર.આઈ. બેઠકોમાં એમ.બી.બી.એસ., બી.ડી.એસ., બી.એ.એમ.એસ., બી.એચ.એમ.એસ. અને બી.એન.એ.ટી. કોર્સીસમાં પ્રવેશ આપવામાં આવશે નહીં જ્યાં સુધી તે / તેણી સંબંધિત કાઉન્સિલ / કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ વર્તમાન શૈક્ષણિક વર્ષની એચ.એસ.સી. પરીક્ષા અને નીટ માં લઘુત્તમ લાયકાતનું ધોરણ ધરાવતા ન હોય અને સદર રૂલ્સ હેઠળ પાત્રતાના માપદંડો પૂર્ણ ન કરે."

[૬] કેટલાક કિસ્સાઓમાં, અરજદારો / ઉમેદવારો કે જેઓ ગુજરાત રાજ્યના ડોમિસાઈલ હોવા છતાં, પરંતુ જેમણે ૧૦મું ધોરણ ગુજરાત રાજ્યની બહાર પાસ કર્યું છે, તેઓ સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૩) (૨) ની માન્યતા અંગે સવાલ ઉઠાવી રહ્યા છે. એવા કેટલાક ઉમેદવારો છે જેઓ ડોમિસાઈલના પાત્રતા માપદંડને પૂર્ણ કરે છે, પરંતુ ગુજરાત રાજ્યની બહારથી ૧૦મું અને ૧૨મું ધોરણ લાયકાતની પરીક્ષા પાસ કરી છે. કેટલાક કિસ્સાઓમાં, ઉમેદવારો ગુજરાત રાજ્યના ડોમિસાઈલ છે અને ગુજરાત રાજ્યમાં આવેલી શાળા ધરાવતા ગુજરાત બોર્ડ અથવા સેન્ટ્રલ બોર્ડમાંથી લાયકાતની પરીક્ષા એટલે કે ૧૨મું ધોરણ પાસ કર્યું છે, પરંતુ ગુજરાત રાજ્યની બહારની સંસ્થામાંથી ૧૦મું ધોરણ પાસ કર્યું છે. હજુ એક અન્ય પ્રકારના કિસ્સાઓ છે, જ્યાં ઉમેદવારોએ ગુજરાત રાજ્યમાં તેમની સંસ્થા ધરાવતા ગુજરાત બોર્ડ અથવા સી.બી.એસ.ઇ. બોર્ડમાંથી ૧૦મું અને

૧૨મું ધોરણ લાયકાતની પરીક્ષા પાસ કરી છે, પરંતુ તેઓ સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૧–એ) હેઠળ રજૂ કરાયેલ ડોમિસાઈલના માપદંડને પૂર્ણ કરતા નથી.

[૭] અમે કેટલીક અરજીઓની હકીકતોનો સારાંશ આપીએ છીએ, જે વિવાદના સમગ્ર વ્યાપને આવરી લેશે.

[૭.૧] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૫૯૦/૨૦૧૮. અરજદાર દાવો કરે છે કે તેમનું જન્મસ્થળ ગુજરાત રાજ્યમાં છે અને તેઓ ગુજરાત રાજ્યનું ડોમિસાઈલ પ્રમાણપત્ર ધરાવે છે. અરજદારના માતા સિંગલ પૅરેન્ટ છે અને પારિવારિક જરૂરિયાતના કારણે, અરજદારે થોડા વર્ષો માટે ગુજરાત રાજ્યની બહાર પ્રવેશ લેવો પડ્યો હતો. અરજદારે ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી લાયકાતની પરીક્ષા એટલે કે ૧૨મું ધોરણ પાસ કર્યું હતું. અરજદારનો કેસ એવો છે કે પારિવારિક જરૂરિયાતને કારણે, તેણે ગુજરાત રાજ્યની બહાર ૧૦મા ધોરણનો અભ્યાસ કરવો પડ્યો હોવાથી, તે વાદગ્રસ્ત રૂલ્સના રૂલ ૪(૩) (૨) હેઠળ અધિસૂચિત કર્યા મુજબ પાત્રતાના માપદંડોને પૂર્ણ કરતો નથી. એવું જણાવવામાં આવ્યું છે કે અગાઉના રૂલ્સને ધ્યાનમાં લેતા, જેમાં માત્ર ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓમાંથી લાયકાતની પરીક્ષા પાસ કરવાની આવશ્યકતા હોવાથી, તે સમયે પ્રવર્તમાન કાનૂની પરિસ્થિતિને જોતાં, અરજદારે ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી ૧૨મા ધોરણનો અભ્યાસ કર્યો હતો, પરંતુ વર્ષ ૨૦૧૭ માં કરવામાં આવેલા સુધારાના આધારે, અરજદાર પાત્રતાના માપદંડો પૂર્ણ કરતો નથી.

[૭.૨] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૫૯૧/૨૦૧૮, ૮૫૯૩/૨૦૧૮, ૮૫૯૪/૨૦૧૮, ૮૫૯૫/૨૦૧૮ અને ૮૬૦૫/૨૦૧૮. આ અરજીઓમાં, અરજદારો ડોમિસાઈલ માપદંડ માટે લાયક હોવા છતાં, પરંતુ તેમણે પોતાનું ૧૦મું ધોરણ ગુજરાત રાજ્યની બહારની સંસ્થામાંથી પાસ કર્યું હોવાથી, તેઓ પાત્રતાના માપદંડો પૂર્ણ કરતા નથી. આવા કિસ્સાઓમાં, જ્યાં અરજદારો ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી લાયકાતની પરીક્ષા પાસ કરવાના અને ડોમિસાઈલની આવશ્યકતાને પૂર્ણ કરી રહ્યા છે, પરંતુ તેઓ આગળના માપદંડો પૂર્ણ કરી રહ્યા ન હોવાથી કારણ કે તેમણે ગુજરાત રાજ્યની બહાર આવેલી સંસ્થાઓમાંથી ૧૦મું ધોરણ પાસ કર્યું છે, આથી તેઓ આ કોર્ટ સમક્ષ છે.

[૭.૩] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૭૨૯/૨૦૧૮. અરજદારનો કેસ એવો છે કે અરજદારના પિતા એક કંપનીમાં નોકરી કરી રહ્યા છે અને વર્ષ ૨૦૧૨ માં તેમની નિમણૂક વડોદરા ખાતે કરવામાં આવી હતી, જેના આધારે અરજદારે ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાં ૭મા ધોરણમાં પ્રવેશ મેળવ્યો હતો. એવું જણાવવામાં આવ્યું છે કે ૧૦મા અને ૧૧મા ધોરણમાં પ્રવેશ લેતી વખતે, તેના માતાપિતાએ તે સમયે પ્રવર્તમાન રૂલ્સની ચકાસણી કરી હતી. જ્યારે એવું જાણવા મળ્યું કે અરજદારે પાત્રતા માપદંડો પૂર્ણ કરવા માટે ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી ૧૨મું ધોરણ પૂર્ણ કરવું જરૂરી છે, ત્યારે તેણે ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાં પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. અરજદારનો કેસ એવો છે કે જોકે અરજદાર ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૦મું અને ૧૨મું

ધોરણ પાસ કરવાનો પાત્રતા માપદંડ પૂર્ણ કરે છે, પરંતુ વાદગ્રસ્ત સુધારા દ્વારા રજૂ કરવામાં આવેલા સદર રૂલ્સના રૂલ ૪(૧-એ) મુજબ તે ડોમિસાઈલની આવશ્યકતાને પૂર્ણ કરતો ન હોવાથી, આથી તે આ કોર્ટ સમક્ષ છે. અરજદારનો કેસ એવો છે કે જ્યારે તેણે ૧૦મા ધોરણનો અભ્યાસ કર્યો હતો અને ૧૧મું અને ૧૨મું ધોરણ કર્યું હતું, ત્યારે પાત્રતાના માપદંડોમાં ડોમિસાઈલની કોઈ આવશ્યકતા નહોતી. એવું જણાવવામાં આવ્યું છે કે ૦૪.૦૫.૨૦૧૮ ના રોજ અધિસૂચિત સુધારા દ્વારા ઉમેરવામાં આવેલ વાદગ્રસ્ત રૂલ લાગુ કરી શકાય નહીં અને જ્યારે અરજદારે ૧૦મું ધોરણ પાસ કર્યું હતું અને લાયકાતના કોર્સમાં જોડાયો હતો તે સમયે જે રૂલ્સ અમલમાં હતા તે લાગુ કરવાના રહે છે. અરજદારનો કેસ એવો છે કે જોકે અરજદાર અને તેના પિતા ગુજરાત રાજ્યમાં સ્થાયી થયા છે, પરંતુ રૂલ ૪(૧-એ) ને ધ્યાનમાં લેતાં, અરજદાર પાત્રતાના માપદંડોને પૂર્ણ કરતો નથી.

[૭.૪] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૫૯૨/૨૦૧૮. અરજદારનો કેસ એવો છે કે અરજદારનો જન્મ ગુજરાત રાજ્યમાં થયો હતો અને તે ગુજરાત રાજ્યનો કાયમી રહીશ છે. વધુમાં એવું જણાવવામાં આવ્યું છે કે અરજદારના પિતા યુએઇ માં આવેલી એક કંપનીમાં નોકરી કરતા હતા અને તેથી, અરજદારે યુએઇ માં ૧૦મું ધોરણ પૂર્ણ કર્યું અને તે સમયની પાત્રતા અંગેના રૂલ્સની સ્થિતિ જોતાં, તેણે ૧૧મા ધોરણમાં પ્રવેશ લીધો અને ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી ૧૨મા ધોરણની લાયકાતની પરીક્ષા પૂર્ણ કરી. અરજદાર જોકે

ગુજરાતનો કાયમી રહીશ છે, પરંતુ તેણે ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાં ૧૦મા ધોરણનો અભ્યાસ કર્યો ન હોવાથી, તે પાત્રતાના માપદંડો પૂર્ણ કરતો નથી. અરજદારનો કેસ એવો છે કે જ્યારે તેણે ૧૦મું ધોરણ પાસ કર્યું તે સમયે જે રૂલ્સ પ્રવર્તમાન હતા તે લાગુ કરવાના રહે છે, પરંતુ તારીખ ૦૪.૦૫.૨૦૧૮ ના જાહેરનામા દ્વારા સુધારેલા અને હાલમાં અમલમાં રહેલા રૂલ્સ નહીં.

[૭.૫] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૯૦૪૬/૨૦૧૮. અરજદારનો કેસ એવો છે કે અરજદારના પિતા રાજ્ય સરકારમાં વર્ષ ૨૦૧૨ થી સરકારી ડેન્ટલ કોલેજ, જામનગરમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અને પ્રોફેસર તરીકે નોકરી કરે છે અને અરજદારના માતા વર્ષ ૨૦૧૩ થી સિદ્ધપુર ડેન્ટલ કોલેજ, પાટણમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરે છે. એવું જણાવવામાં આવ્યું છે કે સંબંધિત સમયે અરજદાર ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાં ૮મા ધોરણમાં જોડાયો હતો અને ગુજરાતમાં આવેલી શાળામાંથી તેનું ૧૦મું અને ૧૨મું ધોરણ પૂર્ણ કર્યું. અરજદારના પિતા કાયમ માટે ગુજરાતમાં સ્થાયી થયા છે અને અરજદાર સદર રૂલ્સના રૂલ ૪(૧–એ) મુજબ ડોમિસાઈલની આવશ્યકતાને પૂર્ણ કરતો ન હોવાથી, સદર રૂલ્સ સામે પડકાર કરવામાં આવ્યો છે.

[૭.૬] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૭૪૭/૨૦૧૮. આ અરજી ૨૮ અરજદારો દ્વારા દાખલ કરવામાં આવી છે, જેઓ દાવો કરે છે કે તેઓએ ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષા પાસ કરી છે અને મેડિકલ કોર્સીસમાં પ્રવેશ મેળવવા માટે નીટ –૨૦૧૮ માં ઉપસ્થિત રહ્યા હતા.

અરજદારોનો કેસ એવો છે કે ગુજરાત રાજ્યની અંદર આવેલી શાળામાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા વર્ષ ૨૦૧૭ ના રૂલ્સમાં પાત્રતાના માપદંડોમાં સમાવિષ્ટ કરવામાં આવી છે, જે ૨૩.૦૬.૨૦૧૭ ના રોજ અધિસૂચિત કરવામાં આવી હતી, પરંતુ તે પહેલાં વર્ષ ૨૦૧૭ અને તે પહેલાં ઘણા વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યની બહાર આવેલી શાળાઓમાંથી તેમની ૧૦મા ધોરણની પરીક્ષા પહેલેથી જ પાસ કરી લીધી હતી. તેમનો કેસ એવો છે કે અગાઉ અમલમાં રહેલા રૂલ્સને ધ્યાનમાં લેતાં, જે મુજબ ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૦મું ધોરણ પાસ કરવાનો સમાવેશ પાત્રતા માપદંડમાં કરવામાં આવ્યો ન હતો, આથી, વાદગ્રસ્ત રૂલ તેમને લાગુ કરી શકાય નહીં. સદર અરજીમાં, વર્ષ ૨૦૧૮ માં સુધારા મારફતે રજૂ કરાયેલ રૂલ ૪(૧–એ) ને પણ પડકારવામાં આવ્યો છે.

[૭.૭] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૬૪૧/૨૦૧૮. આ અરજીમાં, અરજદારે સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૩) (૨) ને પડકાર્યો છે, જે ગુજરાતમાં આવેલી શાળાઓમાંથી ૧૦મા ધોરણની પરીક્ષા પાસ કરવાની આવશ્યકતાને ફરજિયાત બનાવે છે. અરજદારોનો કેસ એવો છે કે અરજદારનો જન્મ ગુજરાતમાં થયો હતો અને અરજદારનો પરિવાર વલસાડ શહેરનો છે, જે ગુજરાત રાજ્યની અંદર આવેલું છે. એવું જણાવવામાં આવ્યું છે કે અરજદારના પિતા જે કંપનીમાં નોકરી કરતા હતા તેના દ્વારા તેમની બદલી દમણ (યુ.ટી.) ખાતે કરવામાં આવતા, અરજદારે ૫મા ધોરણથી દમણમાં અભ્યાસ કરવો પડ્યો હતો. તેણે ૧૦મું અને ૧૨મું ધોરણ દમણથી ભણ્યું, પરંતુ તે મેડિકલ કોર્સમાં જોડાવા માટે

ઉત્સુક હોવાથી, અગાઉ જે કાનૂની સ્થિતિ અસ્તિત્વમાં હતી તે જોતાં, તેણે ફરીથી ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૧મું ધોરણ અને ૧૨મું ધોરણ પુનરાવર્તિત કર્યું છે. અરજદારનો કેસ એવો છે કે તેણે ફરીથી ૧૧મા અને ૧૨મા ધોરણનો અભ્યાસ કર્યો હોવા છતાં, વાદગ્રસ્ત રૂલને ધ્યાનમાં લેતા, તેણે ૧૦મા ધોરણનો અભ્યાસ દમણથી કર્યો હોવાથી, તે પાત્રતાના માપદંડો પૂર્ણ કરતો નથી.

[૭.૮] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૯૭૪/૨૦૧૮. આ અરજીમાં, સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૩) (૨) સામે પડકાર છે, કારણ કે અરજદારે રાજસ્થાનમાં આવેલી શાળામાંથી ૧૦મા ધોરણનો અભ્યાસ કર્યો છે. અરજીમાં જણાવ્યા મુજબ, અરજદારનો કેસ એવો છે કે તેનો જન્મ ગુજરાત રાજ્યમાં થયો હતો, તેણે ગુજરાત રાજ્યમાં મુન્દ્રા ખાતે ૬ઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ૭મા થી ૧૦મા ધોરણ સુધી રાજસ્થાનમાં અને ત્યારબાદ, ૧૧મું અને ૧૨મું ધોરણ સુરત એટલે કે ગુજરાત રાજ્યમાં અભ્યાસ કર્યો હતો. અરજીમાં અરજદારની ફરિયાદ છે કે જોકે તે ગુજરાતનો કાયમી રહીશ છે અને ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી લાયકાતની પરીક્ષા પાસ કરી છે, પરંતુ તેણે કેટલીક પારિવારિક જરૂરિયાતોને કારણે રાજસ્થાનથી ૧૦મા ધોરણનો અભ્યાસ કર્યો હોવાથી, આથી તે પાત્રતાના માપદંડોને પૂર્ણ કરતો નથી.

[૭.૯] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૭૪૫/૨૦૧૮, ૮૭૪૭/૨૦૧૮, ૯૦૬૦/૨૦૧૮, ૮૯૯૭/૨૦૧૮ અને ૮૯૯૮/૨૦૧૮. આ એવા કિસ્સાઓ

છે, જેમાં એવા કેટલાક ઉમેદવારોનો સમાવેશ થાય છે જેમણે ગુજરાત રાજ્યમાં ૧૦મા ધોરણનો અભ્યાસ કર્યો નથી. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૭૪૭/૨૦૧૮ અને ૯૦૬૦/૨૦૧૮ માં અરજદારો ડોમિસાઈલના માપદંડ પૂર્ણ કરતા નથી. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૯૯૭/૨૦૧૮ માં, અરજદારોએ ગુજરાત રાજ્યની બહાર ૧૦મું અને ૧૨મું ધોરણ પાસ કર્યું છે અને ડોમિસાઈલનો માપદંડ પણ પૂર્ણ કરતા નથી. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૯૯૮/૨૦૧૮ માં, જોકે અરજદાર ડોમિસાઈલનો માપદંડ પૂર્ણ કરે છે, પરંતુ ગુજરાત રાજ્યની બહારની સંસ્થામાંથી લાયકાતની પરીક્ષા એટલે કે ૧૨મું ધોરણ પાસ કર્યું હોવાથી, તે પાત્રતાના માપદંડો પૂર્ણ કરતો નથી. અન્ય તમામ કિસ્સાઓમાં પણ, સમાન મુદ્દાઓ વિચારણા માટે ઊભા થાય છે. તમામ અરજીઓની હકીકતોને ધ્યાનમાં લેતા, વ્યાપકપણે, તેમને એવા કિસ્સાઓમાં વર્ગીકૃત કરી શકાય છે; જ્યાં ઉમેદવારો ડોમિસાઈલના માપદંડ પૂર્ણ કરતા નથી, કેટલાક કિસ્સાઓમાં ઉમેદવારો ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા પૂર્ણ કરતા નથી, અને કેટલાક કિસ્સાઓમાં જ્યાં અરજદારો ગુજરાત રાજ્યમાં આવેલી સંસ્થામાંથી ૧૦મું અને ૧૨મું ધોરણ પાસ કરવાના માપદંડ પૂર્ણ કરતા નથી.

[૮] અરજીઓના આ સમૂહમાં, મેટર્સ વહેલી લેવા માટે સિવિલ એપ્લિકેશન્સ દાખલ કરવામાં આવી હતી, જે પ્રતિવાદી સ્ટેટ દ્વારા વ્યક્ત કરાયેલી તાકીદને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવી હતી. અમારા ધ્યાન પર લાવવામાં આવ્યું

છે કે પ્રવેશ માટે એમ.સી.આઇ. દ્વારા અધિસૂચિત શેડ્યૂલ મુજબ, કાઉન્સેલિંગ ૨૫.૦૬.૨૦૧૮ થી શરૂ થશે. વ્યક્ત કરાયેલી તાકીદને ધ્યાનમાં રાખીને, વિદ્વાન એડવોકેટ જનરલ દ્વારા આ મેટર્સનો આખરી નિકાલ કરવા માટે વિનંતી કરવામાં આવી છે. અમે ૨૨.૦૬.૨૦૧૮ ના રોજ સુનાવણી પૂર્ણ કરી હોવાથી અને વ્યક્ત કરાયેલી તાકીદને ધ્યાનમાં રાખીને, આ ચુકાદા દ્વારા આજે આ મેટર્સનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

[૯] સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૫૯૦/૨૦૧૮ માં પ્રથમ પ્રતિવાદી – સ્ટેટ વતી સોગંદનામા પરનો પ્રત્યુત્તર દાખલ કરવામાં આવ્યો છે. વિદ્વાન એડવોકેટ જનરલે આ તમામ અરજીઓમાં સદર પ્રત્યુત્તરને સામાન્ય તરીકે ગણવા વિનંતી કરી છે. સોગંદનામા પરના પ્રત્યુત્તરમાં, અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓમાંના વિવિધ આક્ષેપોને નકારી કાઢતા, જેમાં ધી ગુજરાત પ્રોફેશનલ મેડિકલ કોર્સીસ (રેગ્યુલેશન ઓફ એડમિશન ઇન અંડરગ્રેજ્યુએટ કોર્સીસ) (એમેન્ડમેન્ટ) રૂલ્સ, ૨૦૧૮ દ્વારા સુધારેલા ધી ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ (રેગ્યુલેશન ઓફ એડમિશન ઇન અંડરગ્રેજ્યુએટ કોર્સીસ) રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪ ના પેટા–રૂલ (૩) ના ખંડ (૨) ના પેટા–રૂલ (૧–એ) સામે પડકાર કરવામાં આવ્યો છે, તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે સદર રૂલ્સ સંપૂર્ણપણે કાયદેસર અને માન્ય છે અને વિવિધ ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ આ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો સાથે સુસંગત છે. એમ જણાવતા કે સદર રૂલ્સ ગુજરાત પ્રોફેશનલ

મેડિકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિક્સેશન ઓફ ફીસ) એક્ટ, ૨૦૦૭ ની કલમ ૨૦ હેઠળની સત્તાઓના ઉપયોગથી ઘડવામાં આવ્યા છે, પ્રતિવાદી–સ્ટેટનો કેસ નીચે મુજબ છે :–

(એ) રાજ્ય સરકારને કયા સ્ત્રોતોમાંથી પ્રવેશ આપવામાં આવશે તે નક્કી કરવાના અધિકારનો ઈનકાર કરી શકાય નહીં.

(બી) ગુજરાત રાજ્યમાં આવેલી સી.બી.એસ.ઇ. શાળાઓમાંથી ૧૦મું અને ૧૨મું ધોરણ લાયકાતની પરીક્ષા પાસ કરેલી હોવા અંગેની સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૩) (૨) ની આવશ્યકતા એ રાજ્યના ડોમિસાઈલને આગળ વધારવાની આવશ્યકતા સિવાય બીજું કંઈ નથી.

(સી) તે સર્વવિદિત છે કે મેડિકલ કોલેજો દ્વારા તબીબી શિક્ષણ આપવા માટે તેની જાળવણી કરવા માટે નોંધપાત્ર નાણાંની જરૂર પડે છે અને તેથી, રાજ્યમાં પ્રવર્તતી શિક્ષણ પ્રણાલીનો ફાયદો મોટાભાગે રાજ્યને લાભ આપે તે જોવાનું રાજ્ય સરકારના પક્ષે ખૂબ જ વ્યાજબી છે. આ હેતુ માટે, રાજ્યની મેડિકલ કોલેજોમાં આપવામાં આવતા અંડરગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ આપવા માટે રાજ્ય દ્વારા સદર પાસાઓને વધુ મહત્વ આપવા કાયદેસર રીતે માન્ય છે અને તેમાં કંઈ ખોટું નથી. સદર રૂલ્સના ઉપરોક્ત રૂલ ૪(૧–એ) અને ૪(૩) (૨) ને મનસ્વી અને ગેરવાજબી કહી શકાય નહીં. એવું જણાવવામાં આવ્યું છે કે સદર રૂલ્સ સમજી શકાય તેવા તફાવત પર આધારિત છે અને ગુજરાત રાજ્યમાં અપાતા તબીબી શિક્ષણ માટે સદર વર્ગીકરણ અને ઉદ્દેશ્ય વચ્ચે સંબંધ રહેલો છે.

(ડી) એમ જણાવતા કે કેસોના આ સમૂહમાં વિચારણા હેઠળ આવતા મુદ્દાઓ હવે રેસ–ઈન્ટિગ્રા રહ્યા નથી, (૧૯૮૪) ૩ એસ.સી.સી. ૬૫૪ માં નોંધાયેલ પ્રદીપ જૈન (ડો.) વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસના ચુકાદા અને (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૭૨૭ માં નોંધાયેલ દિનેશ કુમાર (ડો.) વિ. મોતીલાલ નેહરુ મેડિકલ કોલેજના કેસના ચુકાદાનો સંદર્ભ આપવામાં આવ્યો છે. ઉપરોક્ત કેસો દ્વારા, એવું જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકાર ગુજરાત રાજ્યની અંદર આવેલી કોઈપણ સંસ્થામાંથી ૧૨મા ધોરણની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ પૂરતી જ મર્યાદિત રાખીને મેરિટના આધારે ૮૫% બેઠકો અનામત રાખવાની સત્તા ધરાવે છે અને બાકીની ૧૫% બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટાની છે, જે નીટ પરીક્ષાના આધારે ભરવામાં આવશે.

(ઇ) વધુમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યની માન્ય સંસ્થામાંથી ૧૦મું ધોરણ અને ૧૨મું ધોરણ ભણ્યા હોવાની આવશ્યકતા કાયદેસર અને માન્ય ઠેરવવામાં આવી છે, આથી, એવું કહી શકાય નહીં કે જોગવાઈઓ મનસ્વી છે અને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ નો ભંગ કરનારી છે.

(એફ) એવું જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૫–૧૬ થી ૨૦૧૬–૧૭ ના સમયગાળા દરમિયાન, રાજ્ય દ્વારા મેડિકલ કોલેજોમાં આપવામાં આવતા અંડરગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ માટે રાજ્ય દ્વારા નક્કી કરાયેલ પાત્રતાનો માપદંડ ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓમાંથી ૧૨મા ધોરણની લાયકાતની પરીક્ષા પાસ કરેલ હોવા અંગેનો હતો. સદર સમયગાળા દરમિયાન, એવું જાણવા મળ્યું હતું કે રાજ્યની બહારના ઘણા વિદ્યાર્થીઓ રાજ્યમાં આવતા, ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતા અને પ્રથમ વર્ષના એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ મેળવતા હતા, જેઓ બધા એમ.બી.બી.એસ. કોર્સ પૂર્ણ કર્યા પછી તેમના સંબંધિત હોમ સ્ટેટમાં પાછા જવા માટે ઉત્સુક હતા, જેના પરિણામે, રાજ્યના વિદ્યાર્થીઓ પ્રવેશ

મેળવવાથી વંચિત રહી જતા હતા. આને ધ્યાનમાં રાખીને, કાળજીપૂર્વકની તપાસ કર્યા પછી, રાજ્યમાં આવેલી શાળાઓમાંથી ૧૦મું ધોરણ અને ૧૨મું ધોરણ લાયકાતની પરીક્ષા પાસ કરવાની આવશ્યકતાનો સમાવેશ કરીને ૨૦૧૭ ના પ્રવેશ માટેના રૂલ્સ ઘડવામાં આવ્યા હતા. એવું જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૭ દરમિયાન, કેટલીક અરજીઓ દાખલ કરવામાં આવી હતી અને અરજીઓ એટલે કે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૩૦૩/૨૦૧૭ અને અન્યમાં, રાજ્ય સરકારે આ કોર્ટને ખાતરી આપી હતી કે પ્રવેશ આપતી વખતે રાજ્યમાં આવેલી શાળાઓમાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતાનો આગ્રહ ન રાખવામાં આવે. એવું જણાવવામાં આવ્યું છે કે તેના પરિણામે, ગુજરાત રાજ્યની બહારના આશરે ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ રાજ્યની મેડિકલ કોલેજો દ્વારા આપવામાં આવતા અંડરગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો.

(જી) એવું જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકાર પ્રશ્નવાળી મેડિકલ કોલેજોની જાળવણી માટે દર વર્ષે નોંધપાત્ર રકમ ખર્ચે છે અને તેથી, મેરિટ પર અંડરગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ મેળવવામાં સફળ થનારા રાજ્યના કાયમી રહીશ પાસેથી અપેક્ષા રાખવામાં રાજ્યના પક્ષે કંઈ ખોટું નથી. એવું જણાવવામાં આવ્યું છે કે અભ્યાસ પૂર્ણ કર્યા પછી, રાજ્યની મોટાભાગની જનતાના લાભ માટે આવા વ્યક્તિઓ મારફતે રાજ્ય પાસે તબીબી સેવાઓની ઉપલબ્ધતા રહેશે. એવું પણ જણાવવામાં આવ્યું છે કે દેશભરમાં અન્ય રાજ્યોમાં પણ ૧૦મું અને ૧૨મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા છે.

(એચ) સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૧-એ) અને ૪(૩)(૨) ના પડકારના સંબંધમાં અરજદારો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોના સંદર્ભમાં, એવું જણાવવામાં આવ્યું છે કે અરજદારોએ અરજ કર્યા મુજબનું

ડિક્લેરેશન માંગવા માટે કોઈ માન્ય કારણો રજૂ કર્યા નથી. એવું જણાવવામાં આવ્યું છે કે સદર રૂલ્સ, ૨૦૧૭ ના રૂલ ૪(૧–એ) અને ૪(૩)(૨) સમજી શકાય તેવા તફાવતના આધારે ઘડવામાં આવ્યા છે, તેમજ, સદર રૂલ્સ દ્વારા વિચારવામાં આવેલ વર્ગીકરણ અને રાજ્ય દ્વારા જે ઉદ્ધેશ્ય પ્રાપ્ત કરવા માંગવામાં આવે છે તેની વચ્ચે સંબંધ રહેલો છે. એવું જણાવવામાં આવ્યું છે કે સદર વર્ગીકરણ ગુજરાત રાજ્યના વિદ્યાર્થી સમુદાયના લાભ માટે અને રાજ્યમાં મોટાભાગની જનતાને પ્રાથમિક આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે શ્રેષ્ઠ ડોકટરો ઉત્પન્ન કરવાના ઉદ્ધેશ્યને પ્રાપ્ત કરવા માટે કરવામાં આવ્યું છે.

(આઇ) એમ જણાવતા કે વાદગ્રસ્ત રૂલ્સ પૂર્વવર્તી અસરથી લાગુ કરવામાં આવી રહ્યા છે તેવી દલીલ કરવાનો કોઈ આધાર નથી, એવી દલીલ કરવામાં આવી છે કે અરજદારો દ્વારા ભોગવવામાં આવેલી મુશ્કેલીઓ નજીવી બની જાય છે, ખાસ કરીને, જ્યારે રૂલની માન્યતાની તપાસ કરવામાં આવી રહી હોય. એવી દલીલ કરવામાં આવી છે કે પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસમાં પ્રવેશની મંજૂરીને નિયંત્રિત કરવા માટેના રૂલ્સ ઘડવા અથવા સુધારવામાં રાજ્ય સરકારના પક્ષે કોઈ અડચણ કે નિયંત્રણ નથી. એવું જણાવવામાં આવ્યું છે કે વિકાસ અને આકસ્મિકતાઓ જોતાં, રાજ્ય સરકાર માટે જરૂરીયાત મુજબ રૂલ્સમાં સુધારો કરવા હંમેશા છૂટ છે.

(જે) વધુમાં દલીલ કરતા કે અરજદારોના કોઈ અધિકારો, એટલું જ નહીં ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ માંથી ઉદ્ભવતા મૂળભૂત અધિકારોનું પણ ઉલ્લંઘન થયું નથી, ઉપરોક્ત રિટ પિટિશન્સમાં અરજદારો દ્વારા કરવામાં આવેલ પડકાર ટકી શકે તેમ નથી અને પરિણામે, અરજદારો અરજ કર્યા મુજબની કોઈ રાહત મેળવવા માટે હકદાર નથી.

[૧૦] અમે સંબંધિત અરજીઓમાં અરજદારો માટે વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી શાલિન મહેતા, વિદ્વાન એડવોકેટ શ્રી પી.પી. મજમુદાર, વિદ્વાન એડવોકેટ શ્રી ડી.સી. સેજપાલ, વિદ્વાન એડવોકેટ શ્રી રાહુલ શર્મા, વિદ્વાન એડવોકેટ શ્રી વાય.એચ. મોતીરામાણી, વિદ્વાન એડવોકેટ સુશ્રી નિધિ બારોટ, વિદ્વાન એડવોકેટ શ્રી રવિ કર્ણાવત, વિદ્વાન એડવોકેટ શ્રી ભવદત્ત ભટ્ટ, વિદ્વાન એડવોકેટ શ્રી પી.જે. મહેતા, વિદ્વાન એડવોકેટ શ્રી જીગર દવે અને વિદ્વાન એડવોકેટ સુશ્રી કે.જે. બ્રહ્મભટ્ટને અને પ્રતિવાદી – સ્ટેટ અને એડમિશન કમિટી માટે વિદ્વાન એડવોકેટ જનરલ શ્રી કમલ ત્રિવેદી સાથે એ.જી.પી. સુશ્રી સંગીતા વિશન, અને વિદ્વાન એ.જી.પી. શ્રી કે.એમ. અંતાણીને અને સંબંધિત અરજીઓમાં ઇમ્પ્લીડેડ સામાવાળાઓ માટે વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી એસ.એન. શેલત, વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી ડી.સી. દવે અને વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી અંશિન દેસાઈ, શ્રી અમિત ઠક્કર, વિદ્વાન એડવોકેટ, શ્રી હેમાંગ પરીખ, વિદ્વાન એડવોકેટ અને શ્રી રસેશ પરીખને સાંભળ્યા છે.

[૧૧] કેટલીક અરજીઓમાં અરજદારો માટે ઉપસ્થિત રહેલા વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી શાલિન મહેતાએ વાદગ્રસ્ત રૂલ્સ અને રેકોર્ડ પરની અન્ય સામગ્રીનો સંદર્ભ આપીને રજૂઆત કરી હતી કે અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સીસમાં ડોમિસાઈલ અથવા સંસ્થાકીય અગ્રતાના આધારે ૮૫% ની હદ સુધી બેઠકોનું અનામત માન્ય હોવા છતાં, પરંતુ ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની શરત લાદતો વાદગ્રસ્ત રૂલ ગેરકાયદેસર અને મનસ્વી છે.

આવી શરત નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનું ઉલ્લંઘન કરનારી છે જ્યાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં ડોમિસાઈલના આધારે અનામત માન્ય છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાતમાં આવેલી શાળાઓમાંથી અને ગુજરાતની બહાર આવેલી શાળાઓમાંથી ૧૦મું ધોરણ પાસ કરનાર વિદ્યાર્થીઓનું વર્ગીકરણ કરીને વાદગ્રસ્ત રૂલ્સ લાગુ કરીને જે માઈક્રો વર્ગીકરણ કરવામાં આવે છે તે ભેદભાવપૂર્ણ છે, તેમજ, ૧૦મું ધોરણ પાસ કરનાર તમામ વિદ્યાર્થીઓ એક સમાન વર્ગની રચના કરે છે. વાદગ્રસ્ત રૂલ દ્વારા જે કૃત્રિમ ભેદ ઉભો કરવામાં આવે છે તે માઈક્રો વર્ગીકરણ સમાન છે, આથી, તે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરનારું છે. જ્યારે ગુજરાત રાજ્યમાં ડોમિસાઈલ/ રહીશ હોય તેવા ઉમેદવારો માટે બેઠકો અનામત રાખવામાં આવે છે, ત્યારે ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા ધરાવતા વાદગ્રસ્ત રૂલ અથવા ઉદ્દેશ્ય સાથે કોઈ તાર્કિક સંબંધ નથી. એવું રજૂ કરવામાં આવ્યું છે કે વર્ગીકરણનો જે ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાનો છે તેની સાથે તાર્કિક સંબંધ હોવો જોઈએ, પરંતુ વાદગ્રસ્ત રૂલ્સ ઉદ્દેશ્યોથી વિપરિત છે, આથી, તે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ નો ભંગ કરે છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ડોમિસાઈલની વિચારણા માટે જ્યારે પ્રતિવાદી રાજ્યમાં ૧૦ વર્ષના કાયમી રહેઠાણની આવશ્યકતા પર વિચાર કરી રહ્યા હોય, અને જ્યારે અરજદારો રૂલ્સ મુજબ ડોમિસાઈલના આવા માપદંડ પૂર્ણ કરતા હોય, ત્યારે વાદગ્રસ્ત રૂલ લાગુ કરીને તેમને વંચિત કરી શકાય નહીં. એવી

રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત રાજ્યની બહારની શાળામાંથી તેમનો ૧૦મા ધોરણનો અભ્યાસ એવા ઉમેદવારને પાત્રતાના માપદંડોમાંથી બાકાત રાખવા માટેનું કોઈ કારણ નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(ઈ) હેઠળ ખાતરી આપવામાં આવી છે તે મુજબ એક સ્થળેથી બીજા સ્થળે મુક્તપણે હરવા–ફરવાનો મૂળભૂત અધિકાર હોવાથી, વાદગ્રસ્ત રૂલ્સમાં આવા નિયંત્રણો મૂળભૂત અધિકારોનું પણ ઉલ્લંઘન કરે છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે પ્રવેશના હેતુ માટે અરજી કરવાની વાજબી તક આપવાની વિચારણાના અધિકારનો વાદગ્રસ્ત રૂલ્સ દ્વારા નાશ કરવામાં આવ્યો છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે કોઈપણ સંજોગોમાં, જ્યારે અરજદારો સંબંધિત સમય દરમિયાન ગુજરાતની બહાર આવેલી શાળામાંથી ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતા હતા, ત્યારે મેડિકલ કોર્સીસના પ્રવેશ રૂલ્સ મુજબ, માત્ર ગુજરાત રાજ્યમાં આવેલી શાળામાંથી ૧૧મું અને ૧૨મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા હતી. એવી રજૂઆત કરવામાં આવી છે કે અરજદારો પર વાદગ્રસ્ત રૂલ્સના આવા અમલીકરણનો અર્થ રૂલને પૂર્વવર્તી અસરથી સંચાલિત કરવા બરાબર છે, જે માન્ય નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે અરજદારોએ તેમની અરજીઓમાં રૂલ અમલમાં આવતા પહેલાં ૧૦મું ધોરણ પાસ કર્યું હોવાથી, આવો રૂલ અરજદારોને લાગુ કરી શકાય નહીં. વિદ્વાન સિનિયર એડવોકેટે બોમ્બે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચના રિટ પિટિશન નં. ૮૨૬૮ અને અન્યમાં તારીખ ૦૫.૦૭.૨૦૧૭ ના ચુકાદા પર ભારપૂર્વક આધાર રાખ્યો છે.

એવી રજૂઆત કરવામાં આવી છે કે ઉપરોક્ત ચુકાદામાં સમાન સંજોગોમાં મહારાષ્ટ્ર રાજ્યની અંદર આવેલી સંસ્થા / બોર્ડમાંથી એસ.એસ.સી. પરીક્ષા પાસ કરવાનો રૂલ લાગુ ન કરવાના નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા.

[૧૨] આ જૂથની કેટલીક અરજીઓમાં અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા વકીલ શ્રી પી.પી. મજમુદારે રજૂઆત કરી છે કે જોકે અરજદારો ગુજરાતમાં આવેલી શાળામાંથી ૧૦મું, ૧૧મું અને ૧૨મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા પરિપૂર્ણ કરે છે, પરંતુ ૨૦૧૭ના નિયમોમાં સુધારા દ્વારા નિયમ ૪(૧-એ) ઉમેરવામાં આવ્યો હોવાથી, તેઓ ૮૫% બેઠકોના સ્ટેટ ક્વોટામાં વિચારણાથી વંચિત રહ્યા છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે જ્યારે અરજદારો ૧૦મું, ૧૧મું અને ૧૨મું ધોરણ ભણતા હતા, ત્યારે યોગ્યતાના માપદંડોમાં ગુજરાત રાજ્યના ડોમિસાઇલ (રહેવાસી) હોવાની શરતની કોઈ આવશ્યકતા ન હતી. એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદગ્રસ્ત નિયમ એટલે કે નિયમ ૪(૧-એ) જે તે સમયે અમલમાં ન હતો, તે અરજદારોને લાગુ કરી શકાય નહીં.

[૧૩] કેટલીક અરજીઓમાં અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા વકીલ શ્રી રાહુલ શર્માએ દલીલ કરી છે કે સદર નિયમો, ૨૦૧૭નો નિયમ ૪(૩)(૨) મનસ્વી રીતે ઘડવામાં આવ્યો છે અને તે ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪નું ઉલ્લંઘન છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે સદર નિયમોનો નિયમ ૪(૩)(૨), ૨૦૧૭ના વર્ષમાં ઘડવામાં આવેલા નિયમોમાં સુધારવામાં આવ્યો છે અને તારીખ ૦૪.૦૫.૨૦૧૮ના જાહેરનામા દ્વારા ૨૦૧૭ના નિયમોમાં સુધારા મારફતે નિયમ

૪(૧–એ) ઉમેરવામાં આવ્યો છે. અરજદારોએ ગુજરાત રાજ્યની બહાર આવેલી સંસ્થાઓમાંથી દેશભરનાં વિવિધ બોર્ડમાંથી ૧૦માં ધોરણની પરીક્ષા પાસ કરી છે, તેથી, સદર નિયમ મનસ્વી રીતે ઘડવામાં આવ્યો છે અને અરજદારોને લાગુ પાડી શકાય નહીં. એવી રજૂઆત કરવામાં આવી છે કે જોકે વિદ્યાર્થીઓની કારકિર્દીનું આયોજન કરી શકાય તે માટે આવા નિયમો અગાઉથી જ ઘડવા જરૂરી છે, પરંતુ ૧૦માં ધોરણની પરીક્ષા પાસ કર્યા પછી વાદગ્રસ્ત નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે અને આવા નિયમો અરજદારોને ગેરકાયદેસર રીતે અને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ હેઠળ અપાયેલા અધિકારોના ઉલ્લંઘનમાં લાગુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે માનનીય સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓમાં પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઇલની આવશ્યકતાને માન્યતા આપવામાં આવી નથી, તેથી, વાદગ્રસ્ત નિયમ ૪(૧–એ) ગેરકાયદેસર છે. તેમની દલીલના સમર્થનમાં, વિદ્વાન વકીલે ડો. પ્રદીપ જૈન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા [(૧૯૮૪) ૩ એસ.સી.સી. ૬૫૪]; ડો. દિનેશ કુમાર વિ. મોતીલાલ નેહરુ મેડિકલ કોલેજ, અલ્હાબાદ [(૧૯૮૬) ૩ એસ.સી.સી. ૭૨૭]; માઇનોર પી. રાજેન્દ્રન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ [એ.આઇ.આર. ૧૯૬૮ એસ.સી. ૧૦૧૨]; એસ.જી. જયસિંઘાની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા [એ.આઈ.આર. ૧૯૬૭ એસ.સી. ૧૪૨૭]; અશ્વિન પ્રફુલ્લ પિમ્પલવાર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [બોમ્બે હાઈકોર્ટની ડબલ્યુ.પી. નં. ૨૪૬૯/૧૯૯૦]; નવજ્યોતિ કોઓપરેટિવ ગ્રુપ હાઉસિંગ સોસાયટી વિ.

યુનિયન ઓફ ઇન્ડિયા [(૧૯૯૨) ૪ એસ.સી.સી. ૪૭૭]; સ્ટેટ ઓફ ગુજરાત વિ. રમણ લાલ કેશવ લાલ સોની [(૧૯૮૩) ૨ એસ.સી.સી. ૩૩] અને કુમારી શ્રીલેખા વિદ્યાર્થી વિ. સ્ટેટ ઓફ યુ.પી. [(૧૯૯૧) ૧ એસ.સી.સી. ૨૧૨] ના કેસના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે.

[૧૩.૧] સમાન રીતે, કેટલીક અરજીઓમાં અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા વકીલો શ્રી ડી.સી. સેજપાલ, શ્રી ભવદત્ત ભટ્ટ, શ્રી વાય.એચ. મોતીરમાણી, સુશ્રી નિધિ બારોટ, શ્રી રવિ કર્ણાવત, શ્રી પી.જે. મહેતા, શ્રી જીગર દવે અને સુશ્રી કે.જે. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે વાદગ્રસ્ત નિયમો મનસ્વી અને ગેરકાયદેસર છે.

[૧૪] પ્રતિવાદી – ગુજરાત રાજ્ય તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ જનરલ શ્રી ત્રિવેદીએ રજૂઆત કરી હતી કે અંડર ગ્રેજ્યુએટ મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઇલ / રહેઠાણ અને સંસ્થાકીય પસંદગીના આધારે બેઠકોના આરક્ષણને માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા અનેક ચુકાદાઓમાં મંજૂરી આપવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે નિયમોને રદબાતલ ઠેરવવા માટે કોઈ પણ અરજદાર દ્વારા કોઈ કેસ ઊભો કરવામાં આવ્યો નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિક્સેશન ઓફ ફીઝ) એક્ટ, ૨૦૦૭ ની કલમ ૨૦ હેઠળની સત્તાના ઉપયોગમાં આવા નિયમો ઘડવા માટે રાજ્ય સરકાર સશક્ત છે, વર્ષ ૨૦૧૭–૧૮ માટે અમલમાં રહેલા અગાઉના

નિયમોને રદ કરીને, નિયમોનો એક નવો સેટ ઘડવામાં આવ્યો છે અને સૂચિત કરવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ૨૦૧૮ના વર્ષમાં નિયમોમાં સુધારા દ્વારા વધુમાં નિયમ ૪(૧–એ) ઉમેરવામાં આવ્યો છે, કારણ કે એવું જાણવા મળ્યું હતું કે ગુજરાત રાજ્યની બહારના ઘણા વિદ્યાર્થીઓ માત્ર મેડિકલ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ૧૧માં અને ૧૨માં ધોરણમાં પ્રવેશ લઈ રહ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી છે કે ૨૦૧૭ના નિયમોમાં, ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ શાળા / બોર્ડમાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા દાખલ કરવામાં આવી હતી અને સદર નિયમોના કારણે અનેક અરજીઓ ઊભી થઈ હતી અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે ૧૦માં ધોરણની લાયકાતની પરીક્ષા પાસ કરવાની આવશ્યકતાનો આગ્રહ ન રાખવાની રાજ્યએ ખાતરી આપી હોવાથી, આ કોર્ટ દ્વારા નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત રાજ્યની બહારના લગભગ ૪૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ કે જેઓ ગુજરાતના કાયમી રહેવાસી નથી, તેઓએ રાજ્યની મેડિકલ કોલેજોમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં પ્રવેશ મેળવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે રાજ્ય સરકાર મેડિકલ કોલેજોની જાળવણી માટે દર વર્ષે નોંધપાત્ર રકમ ખર્ચે છે, ત્યારે રાજ્યના કાયમી રહેવાસી મેરિટના આધારે અંડરગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ મેળવવામાં સફળ થાય તેવી અપેક્ષા રાખવામાં રાજ્ય તરફથી કોઈ ખોટું નથી, જેઓ તમામ સંભાવનાઓમાં, અભ્યાસ પૂર્ણ કર્યા પછી રાજ્યમાં સ્થાયી થશે અને તેમની તબીબી સેવાઓ

રાજ્યમાં મોટા પાયે લોકોના લાભ માટે હશે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત રાજ્યમાંથી ૧૦મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા ધરાવતો નિયમ અને વધુમાં જે નિયમ સદર નિયમો, ૨૦૧૭ ના નિયમ ૪ (૧–એ) તરીકે ઉમેરવામાં આવ્યો છે તે બુદ્ધિગમ્ય તફાવત પર આધારિત નિયમો છે, જેમાં, સદર નિયમો દ્વારા કલ્પવામાં આવેલા વર્ગીકરણ અને જે ઉદ્દેશ્ય હાંસલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે બંને વચ્ચે સંબંધ છે. વધુમાં એવો આગ્રહ રાખવામાં આવ્યો છે કે કોર્સમાં પ્રવેશ ન હોવાની સ્થિતિમાં, શૈક્ષણિક બાબતોમાં, કોઈ અધિકાર નિહિત થશે નહીં કે જેથી કરીને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ અરજી દ્વારા તેનો અમલ કરવાની માંગ કરી શકાય. એવી રજૂઆત કરવામાં આવી છે કે બદલાતી જરૂરિયાતો અને આવશ્યકતાઓને ધ્યાનમાં લેતાં, રાજ્ય માટે નિયમોમાં સુધારો કરવાના વિકલ્પો હંમેશા ખુલ્લા છે, જ્યારે પણ રાજ્યને એવું લાગે કે ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓના હિતમાં આવો સુધારો જરૂરી છે, ત્યારે અરજદારો માટે એવી દલીલ કરવી ખુલ્લી નથી કે જ્યારે અરજદારો ૧૦મું ધોરણ ભણતા હતા ત્યારે આવો કોઈ નિયમ ન હતો, જેથી વર્તમાન નિયમો અરજદારોને લાગુ કરી શકાય નહીં.

[૧૪.૧] વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે નિયમોમાં થયેલા સુધારાઓને ધ્યાનમાં લેતા, અરજદારો દ્વારા અરજીઓમાં દર્શાવેલા કારણોસર પ્રોમિસરી એસ્ટોપલ અથવા કાયદેસરની અપેક્ષાના આધારે રાહત માંગવી ખુલ્લી નથી. વરિષ્ઠ વકીલ શ્રી શાલીન મહેતા દ્વારા આધાર રાખવામાં આવેલી

ડબલ્યુ.પી. નં. ૮૨૬૮/૨૦૧૭ ની બોમ્બે હાઈકોર્ટના ચુકાદાનો સંદર્ભ આપતા, એવી રજૂઆત કરવામાં આવી છે કે ડિવિઝન બેન્ચ નિયમની માન્યતામાં ગઈ નથી અને આવા નિયમને લાગુ ન કરવાના નિર્દેશ સાથે તેનો નિકાલ કર્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે માનનીય સુપ્રીમ કોર્ટ અને આ કોર્ટે વિવિધ ચુકાદાઓમાં અરજદારોના સમાન સ્તરે ઊભેલા પક્ષકારોના અધિકારોની તપાસ કરી હોવાથી, સદર ચુકાદો અરજદારોના કેસના સમર્થનમાં કોઈ મદદ આપશે નહીં. અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં ડોમિસાઈલ / રહેઠાણના આધારે બેઠકો અનામત રાખી શકાય છે તેવી તેમની દલીલના સમર્થનમાં, વિદ્વાન એડવોકેટ જનરલ દ્વારા શ્રી ડી.પી. જોશી વિ. સ્ટેટ ઓફ મધ્ય ભારત અને અન્ય, રિપોર્ટેડ ઇન એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩૩૪; કુમારી ચિત્રા ઘોષ અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, રિપોર્ટેડ ઇન ૧૯૬૯ (૨) એસ.સી.સી. ૨૨૮; કુમારી એન. વસુંધરા વિ. સ્ટેટ ઓફ મૈસુર અને અન્ય, રિપોર્ટેડ ઇન ૧૯૭૧ (૨) એસ.સી.સી. ૨૨; ડો. પ્રદીપ જૈન અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, રિપોર્ટેડ ઇન (૧૯૮૪) ૩ એસ.સી.સી. ૬૫૪; ડો. દિનેશ કુમાર અને અન્ય વિ. મોતીલાલ નેહરુ મેડિકલ કોલેજ, અલ્હાબાદ, રિપોર્ટેડ ઇન (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૨૨; ડો. દિનેશ કુમાર અને અન્ય વિ. મોતીલાલ નેહરુ મેડિકલ કોલેજ, અલ્હાબાદ અને અન્ય, રિપોર્ટેડ ઇન (૧૯૮૬) ૩ એસ.સી.સી. ૭૨૭; અનંત મદાન વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય, રિપોર્ટેડ ઇન (૧૯૯૫) ૨ એસ.સી.સી. ૧૩૫ ના કેસમાં આપેલા ચુકાદાઓ; વિશાખા વિ. સ્ટેટ ઓફ

ગુજરાત, રિપોર્ટેડ ઇન (૨૦૧૩) ૫૪ (૧) જી.એલ.આર. ૧૧ ના કેસમાં આ કોર્ટની ડિવિઝન બેંચનો ચુકાદો; શીતલ યશવંતકુમાર પરમાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, રિપોર્ટેડ ઇન (૨૦૧૩) ૫૪ (૩) જી.એલ.આર. ૨૬૪૩ ના કેસમાં આ કોર્ટની ડિવિઝન બેંચનો ચુકાદો; નીના પુંજાભાઈ વાઢેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, રિપોર્ટેડ ઇન (૨૦૧૫) ૫૬ (૧) જી.એલ.આર. ૬૭૬ ના કેસમાં આ કોર્ટની ડિવિઝન બેંચનો ચુકાદો; સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૩૮૭૭/૨૦૧૭ અને સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૪૨૬૦/૨૦૧૭ માં આ કોર્ટની ડિવિઝન બેંચનો ચુકાદો, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૩૮૪૨/૨૦૧૭ માં આ કોર્ટની ડિવિઝન બેંચનો ચુકાદો, સ્ટેટ ઓફ ટી.એન. અને અન્ય વિ. એસ.વી. બ્રથીપ અને અન્ય, રિપોર્ટેડ ઇન (૨૦૦૪) ૪ એસ.સી.સી. ૫૧૩ ના કેસમાં માનનીય સુપ્રીમ કોર્ટનો ચુકાદો અને કુમારી જયશ્રી ચંદ્રચૂડ દીક્ષિત વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય, રિપોર્ટેડ ઇન ૨૦ જી.એલ.આર. ૬૧૪ ના કેસમાં આ કોર્ટના સિંગલ જજનો ચુકાદો, વગેરે પર આધાર રાખવામાં આવ્યો છે.

[૧૫] પક્ષકાર તરીકે જોડાયેલા સામાવાળાઓ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ શ્રી એસ.એન. શેલતે રજૂઆત કરી છે કે માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવેલા નિર્ધારિત સમય મર્યાદામાં ડોમિસાઇલના આધારે પસંદગીનો નિયમ અમાન્ય નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત રાજ્યના સ્થાનિક ઉમેદવારો માટે ૮૫% બેઠકો અનામત રાખવા માટે પાત્રતાના માપદંડો નક્કી કરતા નિયમો ઘડવા રાજ્ય સરકાર માટે હંમેશા ખુલ્લું છે. એવી

રજૂઆત કરવામાં આવી છે કે નક્કી કરવામાં આવેલ પાત્રતાના માપદંડોને મનસ્વી કે ગેરકાયદેસર કહી શકાય નહીં કે જેથી ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલી આ અરજીઓમાં આ કોર્ટ પાસેથી તેને અમાન્ય ઠેરવવાની માંગણી કરી શકાય. વરિષ્ઠ વકીલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. નિલયભાઈ ઠાકોર અને અન્ય, રિપોર્ટેડ ઇન (૧૯૯૯) ૮ એસ.સી.સી. ૧૩૯; ડો. પ્રાચી અલમેડા વિ. ડીન, ગોવા મેડિકલ કોલેજ અને અન્ય, રિપોર્ટેડ ઇન (૨૦૦૧) ૭ એસ.સી.સી. ૬૪૦; ડીન, ગોવા મેડિકલ કોલેજ, બામ્બોલિમ વિ. ડો. સુધીર કુમાર સોલંકી, રિપોર્ટેડ ઇન (૨૦૦૧) ૭ એસ.સી.સી. ૬૪૫; ડો. પરાગ ગુપ્તા વિ. યુનિવર્સિટી ઓફ દિલ્હી, રિપોર્ટેડ ઇન (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૮૪; સૌરભ ચૌધરી અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, રિપોર્ટેડ ઇન (૨૦૦૩) ૧૧ એસ.સી.સી. ૧૪૬ ના કેસમાં ચુકાદાઓ પર આધાર રાખ્યો છે. કોર્સમાં પ્રવેશની ગેરહાજરીમાં, કોઈપણ ઉમેદવાર સાથે કોઈ અધિકાર નિહિત થતા નથી, તેવી દલીલ આગળ વધારતાં વરિષ્ઠ વકીલે જે.એસ. યાદવ વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, રિપોર્ટેડ ઇન ૨૦૧૧ (૬) એસ.સી.સી. ૫૭૦ ના કેસમાં માનનીય સુપ્રીમ કોર્ટના ચુકાદા પર અને પ્રશાંત પ્રવીણભાઈ કનાબાર વિ. ગુજરાત યુનિવર્સિટી, રિપોર્ટેડ ઇન ૧૯૯૦ (૨) જી.એલ.આર. ૧૦૬૬ ના કેસમાં આ કોર્ટની ડિવિઝન બેંચના ચુકાદા પર આધાર રાખ્યો છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે કેટલીક વ્યક્તિઓ દ્વારા પ્રક્ષેપિંત કરવાનો પ્રયાસ કરવામા  આવતી મુશ્કેલી એ કોઈ કારણ નથી. તેમણે

રોહતાશ કુમાર વિ. ઓમ પ્રકાશ શર્મા, રિપોર્ટેડ ઇન ૨૦૧૩ (૧૧) એસ.સી.સી. ૪૫૧; રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા વિ. સી.એન. સહસ્ત્રનામન અને અન્ય, રિપોર્ટેડ ઇન એ.આઇ.આર. ૧૯૮૬ એસ.સી. ૧૮૩૦; કમલ કાંતિ દત્તા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, રિપોર્ટેડ ઇન એ.આઇ.આર. ૧૯૮૦ એસ.સી. ૨૦૫૬ અને શંકરસન દશ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, રિપોર્ટેડ ઇન એ.આઇ.આર. ૧૯૯૧ એસ.સી. ૧૬૧૨ ના કેસમાં માનનીય સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે પાત્રતા અને લાયકાતનું નિર્ધારણ નિયમ બનાવનાર સત્તામંડળના ક્ષેત્રમાં આવે છે, આથી, તેને અમાન્ય ઠેરવવા માંગવા માટેના કોઈ કારણની ગેરહાજરીમાં, અરજદારો દ્વારા અરજ કરેલ છે તે મુજબ રાહત મંજૂર કરવા માટે કોઈ કેસ બનતો નથી. વરિષ્ઠ વકીલે સંજય કુમાર મંજુલ વિ. ચેરમેન, યુ.પી.એસ.સી., રિપોર્ટેડ ઇન એ.આઇ.આર. ૨૦૦૭ એસ.સી. ૨૫૪ અને વી.કે. સૂદ વિ. સેક્રેટરી, સિવિલ એવિએશન અને અન્ય, રિપોર્ટેડ ઇન એ.આઇ.આર. ૧૯૯૩ એસ.સી. ૨૨૮૫ ના કેસના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે.

[૧૬] પક્ષકાર તરીકે જોડાયેલા સામાવાળાઓ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ શ્રી ડી.સી. દવેએ રજૂઆત કરી છે કે વાદગ્રસ્ત નિયમોને અમાન્ય ઠેરવવા માટે તેમાં કોઈ ગેરકાયદેસરતા નથી. વરિષ્ઠ વકીલે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૩૮૪૨/૨૦૧૭ માં આ કોર્ટની ડિવિઝન બેંચના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો, જેમાં આ કોર્ટની ડિવિઝન બેંચે સદર નિયમો, ૨૦૧૭ના

નિયમ ૪(૩)(૨) ની માન્યતાને માન્ય રાખી છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગૌણ કાયદા દ્વારા નિયમો ઘડવા અંગે પ્રતિવાદીની સક્ષમતાને પડકારવામાં આવી નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે જે કારણો ઉઠાવવામાં આવ્યા છે તે યોગ્ય કારણો નથી કે જેથી એવી દલીલ કરી શકાય કે આવા નિયમો મનસ્વી અથવા ભેદભાવપૂર્ણ છે અને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ હેઠળ ખાતરી આપવામાં આવેલા અધિકારોના ઉલ્લંઘનના આધારે તેઓ તેમના કેસને પ્રક્ષેપિત કરી શકે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત મૂળના ઉમેદવારો માટે ૮૫% બેઠકો અનામત હોવાથી, વર્ષ ૨૦૧૭માં ગુજરાત રાજ્યમાં આવેલી શાળા / બોર્ડમાંથી ૧૦મું અને ૧૨મું ધોરણ પાસ કરવાની આવશ્યકતા સાથે વાદગ્રસ્ત નિયમો ઘડવામાં આવ્યા છે અને સદર નિયમો, ૨૦૧૭માં નિયમ ૪(૧-એ) દાખલ કરીને ડોમિસાઇલનો માપદંડ રજૂ કરવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા દાવો કરવામાં આવેલ વ્યક્તિગત મુશ્કેલી નિયમોને અમાન્ય ઠેરવવાનું કોઈ કારણ નથી. તેમણે અનંત મદાન વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય, રિપોર્ટેડ ઇન (૧૯૯૫) ૨ એસ.સી.સી. ૧૩૫ ના કેસના ચુકાદા પર આધાર રાખ્યો છે, જેમાં હરિયાણા સરકાર દ્વારા રાજ્યમાં ૧૦મું ૧૦+૧ અને ૧૦+૨ પાસ કરવાની સમાન શરતને માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા માન્યતા આપવામાં આવી છે. રિટ પિટિશન નં. ૮૨૬૮/૨૦૧૭ માં બોમ્બે હાઈકોર્ટના ચુકાદા અને એસ.એલ.પી.ને નામંજૂર કરતા માનનીય સુપ્રીમ કોર્ટના આદેશનો સંદર્ભ આપતા, એવી રજૂઆત કરવામાં આવી છે કે સદર ચુકાદો માત્ર

પ્રેરક મૂલ્ય ધરાવતો હશે અને તેને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪૧ ના અર્થની અંદર બંધનકર્તા પૂર્વ–ઉદાહરણ તરીકે ગણી શકાય નહીં. તેમની દલીલના સમર્થનમાં, વરિષ્ઠ વકીલે જસ્ટિસ પી. વેણુગોપાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, રિપોર્ટેડ ઇન (૨૦૦૩) ૭ એસ.સી.સી. ૭૨૬ ના કેસના ચુકાદા પર આધાર રાખ્યો છે. અરજદારો પ્રોમિસરી એસ્ટોપલ અથવા કાયદેસરની અપેક્ષાનો બચાવ કરીને કોઈ લાભ મેળવવા માટે હકદાર નથી એવી દલીલના સમર્થનમાં, વિદ્બાન વકીલે અમન પિયુષ ખન્ના વિ. સ્ટેટ ઓફ ગુજરાત, રિપોર્ટેડ ઇન ૨૦૦૯ (૩) જી.એલ.આર. ૨૩૮૨ ના કેસમાં આ કોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો છે.

[૧૭] સંબંધિત પક્ષકારો તરફથી ઉપસ્થિત વિદ્બાન વકીલોને સાંભળ્યા પછી, અમે રેકોર્ડ પરના નિયમો અને અન્ય સામગ્રીનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે.

[૧૮] જોકે આ અરજીઓના તથ્ય આધારમાં કેટલીક ભિન્નતા છે, પરંતુ તમામ કેસોમાં ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિક્સેશન ઓફ ફીઝ) એક્ટ, ૨૦૦૭ ની કલમ ૨૦ હેઠળની સત્તાના ઉપયોગમાં ઘડવામાં આવેલા ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ (રેગ્યુલેટિંગ ઓફ એડમિશન ઇન અંડરગ્રેજ્યુએટ કોર્સીસ) રૂલ્સ, ૨૦૧૭ ના નિયમ ૪(૧–એ) અને નિયમ ૪(૩)(૨) ને પડકાર આપવામાં આવ્યો છે. નિયમ ઘડનાર સત્તાધિકારી દ્બારા નિયમો ઘડવાની સક્ષમતા વિવાદિત નથી. અરજદારોના કેસ મુજબ પણ રાજ્યમાં ડોમિસાઇલ અથવા સંસ્થાકીય પસંદગીના આધારે અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં

૮૫% બેઠકો અનામત રાખવી રાજ્ય માટે સ્વીકાર્ય છે અને તે પણ વિવાદિત નથી. બંને પક્ષોના વિદ્ધાન વકીલો દ્ધારા અનેક ચુકાદાઓ ટાંકવામાં આવ્યા છે, જ્યાં માનનીય સુપ્રીમ કોર્ટે અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં ડોમિસાઇલ આધારિત અનામતને માન્યતા આપી છે, અને વાદગ્રસ્ત નિયમો ગુજરાત રાજ્યના સ્થાનિક વિદ્યાર્થીઓ માટે આરક્ષણ સુનિશ્ચિત કરવા માટે ઘડવામાં આવ્યા હોવાથી, અમે આ મુદ્દા પર માનનીય સુપ્રીમ કોર્ટના આવા ચુકાદાઓનો સંદર્ભ લઈએ છીએ.

[૧૯] શ્રી ડી.પી. જોશી વિ. સ્ટેટ ઓફ મધ્ય ભારત (એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩૩૪) ના કેસના ચુકાદામાં, દિલ્હીના એક વિદ્યાર્થી / રહેવાસી કે જેણે મધ્ય ભારત રાજ્યની મેડિકલ કોલેજમાં પ્રવેશ લીધો હતો, તેણે મધ્ય ભારતના રહેવાસી અને જેઓ ન હતા તેવા વિદ્યાર્થીઓ વચ્ચે ફીની બાબતમાં ભેદભાવ હોવાની દલીલ કરી હતી. ભેદભાવની દલીલ પર વિચાર કરતી વખતે, માનનીય સુપ્રીમ કોર્ટે અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં ફીની બાબતમાં રાજ્યના રહેવાસીઓને આપવામાં આવતી છૂટને મંજૂરી આપી છે. ઉપરોક્ત ચુકાદામાં, માનનીય સુપ્રીમ કોર્ટે એવો મત વ્યક્ત કર્યો છે કે શિક્ષણ રાજ્યનો વિષય હોવાથી, મધ્ય ભારતના કેટલાક વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં મદદ કરવી રાજ્ય માટે ખુલ્લું છે. એવું ઠરાવવામાં આવ્યું છે કે રાજ્ય માટે તેની સરહદોની અંદરના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે આ એકદમ કાયદેસર અને પ્રશંસનીય ઉદ્દેશ્ય છે.

[૨૦] કુમારી ચિત્રા ઘોષ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા [૧૯૬૯(૨) એસ.સી.સી. ૨૨૮] ના કેસના ચુકાદામાં પણ, દિલ્હી યુનિવર્સિટી એક્ટની જોગવાઈઓને ધ્યાનમાં લેતી વખતે, માનનીય સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે કયા સ્ત્રોતમાંથી પ્રવેશ કરવામાં આવશે તે નક્કી કરવાના રાજ્યના અધિકારને નકારી શકાય નહીં અને તે અનિવાર્યપણે નીતિનો પ્રશ્ન છે અને તે અન્ય બાબતોની સાથે સાથે ચોક્કસ પ્રદેશોના રહેવાસીઓ અને વ્યક્તિઓની અન્ય શ્રેણીઓની આવશ્યકતાના એકંદર મૂલ્યાંકન અને સર્વેક્ષણ પર આધાર રાખે છે કે જેમની માટે તબીબી શિક્ષણ માટેની સુવિધાઓ પૂરી પાડવી આવશ્યક છે. વધુમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જો સ્ત્રોતોને પ્રાદેશિક, ભૌગોલિક અથવા અન્ય વ્યાજબી ધોરણે યોગ્ય રીતે વર્ગીકૃત કરવામાં આવે, તો વર્ગીકરણ કરવાની રીત અને પદ્ધતિમાં દખલગીરી કરવાનું કોર્ટ માટે નથી.

[૨૧] કુમારી એન. વસુંધરા વિ. સ્ટેટ ઓફ મૈસુર [૧૯૭૧ (૨) એસ.સી.સી. ૨૨] ના કેસના ચુકાદામાં, માનનીય સુપ્રીમ કોર્ટે મેડિકલ કોલેજમાં પ્રિ–પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશના નિયમોને ધ્યાનમાં લેતી વખતે, સદર નિયમોના નિયમ ૩ માં પાત્રતા માપદંડમાં લાદવામાં આવેલી દસ વર્ષના રહેઠાણની શરતને માન્ય ઠેરવી હતી. ઉપરોક્ત ચુકાદામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે તેથી, રાજ્યએ ઉપલબ્ધ ઉમેદવારોને તબીબી શિક્ષણ પ્રદાન કરવા માટે વાજબી દૂરદર્શિતા સાથે વર્ગીકરણની એક ન્યાયી યોજના ઘડવી પડશે જે રાજ્યના

લોકોને વ્યાપક આધારવાળી તબીબી સહાય પૂરી પાડવાના હેતુ અને ઉદ્દેશ્યને પૂર્ણ કરશે.

[૨૨] ડો. પ્રદીપ જૈન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા [(૧૯૮૪) ૩ એસ.સી.સી. ૬૫૪] ના કેસના ચુકાદા પર બંને પક્ષો દ્વારા તેમની દલીલોને સમર્થન આપવા માટે આધાર રાખવામાં આવ્યો છે. ઉપરોક્ત ચુકાદામાં, રાજ્યના રહેવાસીઓ અથવા સમાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે બેઠકોની અનામત અંગે વિચાર કરતી વખતે, માનનીય સુપ્રીમ કોર્ટે અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોથી પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો સુધીનો ભેદ દર્શાવ્યો છે. સદર ચુકાદાના ફકરા નં. ૨૨ પરથી તે સ્પષ્ટ થાય છે. ઉપરોક્ત ચુકાદામાં, માનનીય સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે સામાજિક-આર્થિક અસમાનતાઓ અને અસમાનતાઓને ધ્યાનમાં રાખીને, અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં પ્રવેશના કિસ્સામાં અમુક ટકા બેઠકોની અનામત માન્ય હોવાનું ઠરાવવામાં આવ્યું હતું. આવા આરક્ષણની હદ અથવા મર્યાદા, વ્યાજબીપણું, એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ચોક્કસ તથ્યો અને સંજોગો પર આધારિત હશે. ઉપરોક્ત ચુકાદામાં, માનનીય સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે રાજ્ય દ્વારા ૭૦% ઉપલબ્ધ બેઠકો અનામત રાખી શકાય છે, પરંતુ તે જ સમયે પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં પ્રવેશના કિસ્સામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે રહેઠાણની આવશ્યકતાના આધારે આંશિક આરક્ષણ માન્ય નથી. ઉપરોક્ત ચુકાદામાં, સંસ્થાકીય પસંદગીના આધારે ૫૦% બેઠકો સુધી પોસ્ટ ગ્રેજ્યુએટ

કોર્સમાં અનામતને સ્વીકાર્ય ઠેરવવામાં આવી હતી. સદર ચુકાદાના ફકરા નં. ૧૯ થી ૨૨ જે સંબંધિત છે, તે નીચે મુજબ છે :–

